
## હરિ નજર - ખરી નજર




મનમોહનજી, નવી જાતનાં કર શોધતા હોવ તો સાંભળો.... આ ફોર્મ્યુલા વન રેસમાં એક શુમાકર આવી રહ્યો છે, નાંખી દો જનતાની માથે !

# વહેલી તકે ધુમ્રપાન છોડવાથી આયુષ્ય ૧૦ વર્ષ વધી જાય છે

તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જો મહિલાઓ તેમના ૪૦મા જન્મ દિવસ પહેલાં ધૂમ્રપાન છોડી દેશે તો પોતાની લાઈફમાં ૧૦ વર્ષનો ઉમેરો કરી લે છે. આનો મતલબ એ થયો કે ધૂમ્રપાન કરનાર મહિલાઓ ૧૦ વર્ષ પહેલાં મૃત્યુ પામે છે. અન્ય મહિલાઓની સરખામણીમાં તેમનું આયુષ્ય ઓછું હોય છે. અભ્યાસમાં અન્ય અનેક ચોંકાવનારા તારણો પણ સપાટી ઉપર આવ્યા છે. સતત ધૂમ્રપાન કરવાના કારણે મૃત્યુનો ખતરો ૯૦ ટકા વધી જાય છે. ૩૦ વર્ષ પહેલાં ધૂમ્રપાનને છોડી દેવામાં આવે તો મૃત્યુના જોખમને ૯૭ ટકા ઘટાડી શકાય છે. સ્ટડી પ્રોફેસર સર રિચર્ડ પેટોએ (યુનિવર્સિટી ઓફ ઓક્સફોર્ડ) જણાવ્યું છે કે જો પુરુષોની જેમ જ મહિલાઓ પણ ધૂમ્રપાન છોડી દેશે તો તેમની આયુષ્યમાં વધારો થાય છે. પરંતુ ધૂમ્રપાન કરનાર લોકો પુરુષ અને મહિલા બંનેમાં મોતનો ખતરો વધારે રહે છે. લાઈફમાં આશરે ૧૦ વર્ષનો વધારો ધૂમ્રપાન છોડીને કરી શકાય છે. પેટોએ વર્ષ ૨૦૦૮માં ઈન્ડિયન મેડીકલ રિસર્ચ સાથે મળીને અભ્યાસની પ્રક્રિયા હાથ ધરી હતી. અભ્યાસ દર્શાવે છે કે જો ૪૦ વર્ષની વય પહેલાં ભારતીય પુરુષ અને મહિલા ધૂમ્રપાન બંધ કરી દેશે તો ૧૦ વર્ષનું આયુષ્ય વધી જાય છે. જો આનાથી પહેલા ધૂમ્રપાન છોડી દેવામાં આવે તો વધુ ફાયદો મળે છે. ભારતમાં મહિલાઓ કરતા પુરુષો ઝડપથી વ્યસન છોડી દેતા હોવાનું જાણવા મળ્યું છે. રસપ્રદ બાબત એ છે કે ભારતીય મહિલા સ્મોકર દરરોજ ૭ જેટલી સિગારેટ પી કાઢે છે જ્યારે પુરુષોમાં આ દર સરેરાશ ૬.૧ છે. ભારતમાં સરેરાશ મહિલા ૧૭.૫ વર્ષની વયમાં ધૂમ્રપાન કરવાની શરૂઆત કરે છે. જ્યારે પુરુષોમાં આ વય ૧૮.૮ વર્ષ આંકવામાં આવી છે. પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના અધિકારી કે શ્રીનાથ રેડ્ડીએ કહ્યું છે કે પુરુષોની



અંદર તમાકુનો ઉપયોગ ૫૧ ટકાથી ઘટીને ૪૮ ટકા થયો છે. જ્યારે મહિલાઓમાં ૧૦ ટકાથી વધીને આ દર ૨૦ ટકા થયો છે. મહિલાઓ અને યુવતીઓ તમાકુ કંપનીઓના નવા ટાર્ગેટ તરીકે છે. નવેસરના અભ્યાસમાં ૧.૩ મિલિયન બ્રિટિશ મહિલાઓને પણ આવરી લેવામાં આવી હતી. ધુમ્રપાનથી ખતરનાક બિમારીઓનો પણ ખતરો રહેલો છે જેમાં ફેફસાના રોગ, હાર્ટના રોગ અને સ્ટ્રોકનો સમાવેશ થાય છે. મૃત્યુમાં રેટ રેશિયોનો મતલબ એ છે કે ધૂમ્રપાનના કારણે મોતનો દર બે તૃતીયાંશ જેટલો છે.

## હવે ધ સેન્ટ્રલ બોર્ડ ઓફ ક્રિકેટ અમદાવાદની ૧૦મીએ ચૂંટણી

### ઉમેદવારી ફોર્મ તારીખ પાંચમી નવેમ્બર સુધી સ્વીકારાશે
### મતદાન પૂર્ણ થયા બાદ મતગણતરી હાથ ધરવામાં આવશે

અમદાવાદ, તા. ૨૮

ધી સેન્ટ્રલ બોર્ડ ઓફ ક્રિકેટ અમદાવાદની ચૂંટણી આગામી તા.૧૦-૧૧-૨૦૧૨ને શનિવારના રોજ યોજાશે અને મતદાનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મતગણતરી હાથ ધરીને શનિવારે જ પરિણામ જાહેર કરવામાં આવશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ક્રિકેટ એસો.ના માનદમંત્રી અનિલ પટેલના જણાવ્યા મુજબ ધ સેન્ટ્રલ બોર્ડ ઓફ ક્રિકેટ અમદાવાદની ચૂંટણીના નોમિનેશન ફોર્મ તા.૧-૧૧-૨૦૧૨થી તા.૫-૧૧-૨૦૧૨ સુધીમાં બોર્ડની ઓફિસેથી સવારે ૧૧ થી બપોરે ૩ વાગ્યા સુધીમાં મેળવી શકાશે અને નોમિનેશન ફોર્મ તા.૫-૧૧-૨૦૧૨ સુધીમાં સવારે ૧૧ થી ૫ દરમિયાન જરૂરી ફી સાથે જમા કરવાના રહેશે તથા તા. ૬ઠ્ઠી નવેમ્બરે ઉમેદવારોની હાજરીમાં જ ઉમેદવાર ફોર્મની ચકાસણી હાથ ધરાશે. માન્ય ઉમેદવારીપત્રો ધરાવતા ઉમેદવારો તા.૭-૧૧-૨૦૧૨ સુધીમાં સવારે ૧૧ થી ૫ દરમિયાન ચૂંટણી અધિકારી સમક્ષ રૂબરૂ હાજર થઈ પોતાની ઉમેદવારી પાછી ખેંચી શકશે અને તા.૧૦ મી નવેમ્બરે ચૂંટણી યોજાશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ક્રિકેટ અમદાવાદની યાદીમાં જણાવ્યા મુજબ તા.૧૦-૧૧-૨૦૧૨ના રોજ મતદાનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ચૂંટણી અધિકારી દ્વારા નિયુક્ત ૨ સભ્યોની કમિટી ઉમેદવારોની હાજરીમાં મતગણતરી કરશે ત્યારબાદ ચૂંટણી અધિકારી દ્વારા પરિણામ જાહેર કરાશે.

## દિવાળીની ખરીદીનો પ્રારંભ બજારો-મોલમાં ભીડ

અમદાવાદ, તા. ૨૮

દિવાળીને હવે અંદાજે ૧૫ દિવસની વાર છે ત્યારે શહેરમાં દિવાળીની ખરીદીની શરૂઆત થઈ ગઈ છે. અને બજારોમાં હવે ભીડ જોવા મળે છે. શોરૂમો અને શોપિંગ મોલમાં સેલ-ડિસ્કાઉન્ટની જાહેરાતો ગ્રાહકોને લલચાવી રહી છે. કપડા, પગરખા, ફટાકડા, ઈલેક્ટ્રોનીક આઈટમો, મોબાઈલ ફોન, કાર અને દ્વિચક્રી વાહનો, જ્વેલરી, ફર્નિચર વગેરે ચીજવસ્તુઓની ખરીદી શરૂ થઈ છે. દિવાળી નજીક આવી ગઈ છે ત્યારે ગૃહશોભન, કપડા, પગરખા વગેરે ચીજવસ્તુઓ ખરીદવા માટે ત્રણ દરવાજા, ભદ્ર, ઢાલગરવાડ વગેરે બજારોમાં હવે ભીડ જોવા મળે છે. આ બજારોમાં ખરીદદારો ખાસ કરીને મહિલાઓ વધારે પ્રમાણમાં જોવા મળે છે. આ ઉપરાંત સીજી રોડ, એસજી હાઈવે તથા અન્ય વિસ્તારોમાં આવેલા શો રૂમ તથા શોપિંગ મોલમાં પણ ખરીદારોની ભીડ જોવા મળે છે. ગ્રાહકોને આકર્ષવા સેલ-ડિસ્કાઉન્ટ, એક પર એક ફ્રી, ઓછા ભાવની સ્કીમો વગેરે યોજનાઓ વેપારીઓ દ્વારા રજુ કરવામાં આવી રહી છે. અવનવી ડીઝાઈનમાં રંગબેરંગી વસ્ત્રો, ફુટવેર, ફટાકડા, મોબાઈલ ફોન, કાર, દ્વિચક્રી વાહનો, જ્વેલરી, ફર્નિચર, ફ્રીઝ, એલસીડી, વોશીંગ મશીન, માઈક્રોવેવ, એસી, સેટટોપ વગેરેના લેટેસ્ટ મોડલો શોરૂમમાં જોવા મળે છે.

## ગુજરાતમાં ડેન્ગ્યુના કેસ પૈકી ૬૫ ટકા કેસો અમદાવાદમાં

અમદાવાદ,તા. ૨૮

અમદાવાદ શહેરમાં ડેન્ગ્યુ અને અન્ય રોગોના કેસોમાં ઉલ્લેખનિય વધારો થયો છે. એકલા શુક્રવારના દિવસે જ ડેન્ગ્યુના ૧૮ કન્ફોર્મ કેસો નોંધાયા હતા. આ વર્ષની શરૂઆતથી અમદાવાદમાં ડેન્ગ્યુના ૫૪૦ ક્લિનિકલ કેસો નોંધાયા છે જ્યારે ગુજરાતમાં ૨૬મી સપ્ટેમ્બર સુધીના આંકડાને ધ્યાનમાં લેવામાં આવે તો ૮૩૧ કેસો નોંધાયા છે. નેશનલ વેક્ટર બર્ન ડિસિઝ કન્ટ્રોલ પ્રોગ્રામ દ્વારા તાજેતરમાં જ આંકડા જારી કરવામાં આવ્યા છે. આ આંકડાને ધ્યાનમાં લેવામાં આવે તો કેસોમાં સતત વધારો થયો છે. અમદાવાદમાં આ વર્ષે રાજ્યમાં ડેન્ગ્યુના કુલ કેસો પૈકીના ૬૫ ટકા કેસો નોંધાયા છે જે તંત્રની ઉંઘ હરામ કરે તેવા આંકડા છે. બીજીબાજુ આરોગ્ય વિભાગના અધિકારીઓની દલીલ છે કે ડેન્ગ્યુના કેસોમાં નવેમ્બરના અંત સુધીમાં ઘટાડો થશે. તાપમાનમાં દિનપ્રતિદિન હવે ઘટાડો થઈ રહ્યો છે. ફુલ ગુલાબી ઠંડીનો અનુભવ સવારે થવા લાગી ગયો છે. નિષ્ણાંત લોકોનું કહેવું છે કે ડેન્ગ્યુ અને મલેરિયા સહિતના રોગોને રોકવા માટે હાલમાં તંત્ર દ્વારા તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. ગુરૂવારના દિવસે જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એક જ દિવસમાં ૧૮ કેસ નોંધાયા હતા જ્યારે મેલેરિયાના ૧૨ કેસ તફા ફાલ્સિપેરમના પણ સાત કેસ નોંધાયા હતા. ખાનગી હોસ્પિટલોમાં જે આંકડો નોંધાઈ રહ્યો છે તેની ગણતરી કરવામાં આવી રહી નથી. એએમસીના અધિકારીઓ દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં ડેન્ગ્યુ અને અન્ય રોગોના કેસોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ઝુંબેશ અને જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહી છે. વધારે વસ્તી ધરાવતા વિસ્તારોમાં ડેન્ગ્યુ અને અન્ય મચ્છરોથી ફેલાતા રોગોના સંબંધમાં લોકોમાં જનજાગૃતિની ઝુંબેશ વધુ તીવ્ર બનાવી દેવામાં આવી છે. એએમસીના અધિકારીઓ પણ આ વાતની કબૂલાત કરી રહ્યા છે.

### ગુજરાતમાં કેસોની સંખ્યા ૮૩૧ ઉપર પહોંચી ગઇ છે

## ચેતન ભગત સલમાનની ફિલ્મ માટે પટકથા લખશે


ચેતન ભગત કેટલીક યાદગાર નવલકથાઓ લખી ચૂક્યા છે. તેમને નવલકથાઓ ઉપર ઘણી ફિલ્મો પણ બની ચૂકી છે. હવે ચેતન ભગત પટકથાકાર બનવા જઈ રહ્યા છે. મળેલી માહિતી મુજબ ચેતન ભગત હવે સલમાન ખાનની નવી ફિલ્મ કિક માટે પટકથા લખશે. ચેતન ભગતની નવલકથા ફાઈવ પોઈન્ટ સમવન, થ્રી મિસ્ટેક ઓફ માય લાઈફ, વન નાઈટ એટ ધ કોલ અને ટુ સ્ટેટ જેવી નવલકથા પરથી ઘણી ફિલ્મો બની



ચૂકી છે. હવે તેઓ સલમાનની ફિલ્મ માટે પટકથા લખી રહ્યા છે. ટ્વીટર ઉપર ચેતન ભગતે આ મુજબની વાત કરી છે. ચેતન ભગતે કહ્યું છે કે આ ફિલ્મમાં સલમાન ખાન અભિનેતા તરીકે છે જ્યારે ફિલ્મનું નિર્દેશન સાજિદ નડિયાદવાળા કરનાર છે. ફિલ્મની પટકથા તેલુગુ ફિલ્મ પરથી લેવામાં આવી છે. તેલુગુ સુપર હિટ ફિલ્મની પટકથા હવે તૈયાર કરવામાં આવી રહી છે પરંતુ ચેતન ભગત પટકથાને પોતાની રીતે વળાંક આપશે. તેમનું કહેવું છે કે કીક એક એવી વ્યક્તિની લાઈફ ઉપર આધારિત છે જે વ્યક્તિને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આ ફિલ્મની પટકથા અને પાત્ર ખૂબ જ મજબૂત છે. સલમાન અને નડિયાદવાળા બ્લોક બસ્ટર છે. ચેતન ભગતનું કહેવું છે કે સલમાન અગાઉ પણ તેમના પુસ્તક વન નાઈટ એટ ધ કોલ સેન્ટર ઉપર આધારિત ફિલ્મમાં કામ કરી ચૂક્યો છે. લેખકનું કહેવું છે કે નવી ફિલ્મ ચાહકોને ચોક્કસપણે ગણી જશે. સલમાન ખાનની સાથે સાથે આ ફિલ્મમાં અન્ય કલાકારોની પણ પસંદગી થઈ ચૂકી છે.

## વ્યંગ વિશ્વ

- દિપેશ પરમાર







## આજે આપણે Articlesનો અભ્યાસ કરીએ

### આર્ટીકલનું સ્થાન માત્ર શબ્દ સાથેના તેના ઉપયોગથી નક્કી થાય નહિ, પરંતુ આખા વાક્યના સંદર્ભમાં જ નક્કી થાય

**આવો અંગ્રેજી શીખીએ**
- ચેતના બુચ

મિત્રો, આજે આપણે Articles નો અભ્યાસ કરીએ. જે અંગ્રેજી વ્યાકરણનું અનિવાર્ય અંગ કહેવા.

- A, An, The મુખ્ય આર્ટિકલ છે.
- આર્ટિકલ A, An, The ખરેખર તો દર્શક વિશેષણો (Demonstrative Adjectives ) છે.
- A અને An અનિશ્ચિત (Indefinite) આર્ટિકલ છે. જ્યારે The (Definite) ચોક્કસ આર્ટિકલ છે. દા..ત.. A teacher (ગમે તે શિક્ષક) જ્યારે the teacher (ચોક્કસ શિક્ષક)

e.g. There is a pupil. (ચોક્કસ)
The bus is red(અચોક્કસ)

- આર્ટીકલનું સ્થાન માત્ર શબ્દ સાથેના તેના ઉપયોગથી નક્કી થાય નહિ. પરંતુ આખા વાક્યના સંદર્ભમાં જ નક્કી થાય. દા.ત.. Bus શબ્દ આગળ આર્ટિકલ નક્કી કરી શકાય નહિ. પરંતુ વાક્યમાં એ શબ્દને વાપરીને જ આર્ટિકલ નક્કી કરી શકાય.

દા.ત.. we went to Ajmer by bus.(આર્ટિકલ નથી વાપર્યો.)
There is a bus (A Article)
The bus is green (The Article)

- નામ એકવચનમાં હોય ત્યારે A અને An article નો ઉપયોગ થાય.

e.g... A Pencil, A chair
An orange, An elephant

- જો નામ વ્યંજનથી શરૂ થાય તો સામાન્ય રીતે તેની આગળ A આર્ટિકલ મૂકાય.
- જો નામ સ્વરથી શરૂ થાય તો તેની આગળ An આર્ટિકલ મૂકાય.
- A,E,I,O,U આ પાંચ મૂળાક્ષરો સ્વર છે તેથી તેની આગળ An આર્ટિકલ મૂકાય.
- બાકીના મૂળાક્ષર વ્યંજન હોઈ તેની આગળ A આર્ટીકલ મૂકાય.
- અપવાદો -

આર્ટિકલ નક્કી કરતી વખતે નામનો શરૂઆતનો અક્ષર પૂરતો નથી. પરંતુ તેનો ઉચ્ચાર લક્ષમાં લેવાય છે. દા.ત.. a unit, a usegul book. અહીં ઉચ્ચાર વ્યંજન જેવો થતો હોઈ A મૂક્યો છે.

- કેટલાક નામનો પ્રથમ અક્ષર વ્યંજન હોય પરંતુ તેમનો ઉચ્ચાર સ્વર જેવો હોવાથી તેની આગળ An આર્ટિકલ મૂકાય.

દા.ત..
An honest man (ઑનેસ્ટ)
An hour (આવર)
An heit (ઍર)

આમ, અહીં આ નામનો ઉચ્ચાર સ્વર જેવો થતો હોઈ An આર્ટિકલ મૂકાય.

તો મિત્રો આવતી વખતે The Article (ચોક્કસ આર્ટીકલ)નો અભ્યાસ કરીશું.

મિત્રો, આ વિભાગમાં પરિચયાત્મક શબ્દોનો જીવજંતુ (Insects) વિષય પર પરિચય મેળવીએ.

Fire fly = ફાયર ફલાઈ - આગિયો
Centipede = સેન્ટિપીડ - કાન ખજૂરો
Leech = લીચ - જળો
Snail = સ્નેઈલ - ગરોળી

## દિકરી મારી લાડ-ખજાનો છે, પણ તે ઉંમર લાયક થાય છે તેમ ખજાનો લુંટાઈ જવાની બીક લાગે છે

**સંબંધ સજાવે જિંદગી**
**દીકરી વ્હાલનો દરિયો**
- પોપટલાલ એસ પ્રજાપતિ

વતનથી સેંકડો માઈલ દુર રહી સરકારી નોકરી કરતી એક જાંબાજ મહિલા કે જેના પતિ મિલિટરીમાં હોવાથી મોટે ભાગે પરિવારથી દૂર પંજાબ, શ્રીનગર, આસામ જેવા વિસ્તારમાં રહે છતાં બે દીકરીઓનો ઉછેર, પરિવારનો બોજ અને પોતે સરકારી નોકરી કરે આમ ત્રિવિધ મોરચે સંગ્રામ ખેલી દીકરીઓને ઉછેરવાનું કામ એવી ખુમારીથી કરે છે કે તેની ગૌરવવંતી કહાની સાંભળવી તે પણ જીવનની ધન્ય પળ ગણી શકાય. નામ તેનું સુમા બોસ, સેક્ટર-૩એ ન્યુ, પ્લોટ નં. ૨૭૫/૧ માં હાલ પોતાની એક દીકરી સાથે રહે છે. મોટી દીકરી બિંસીને પરણાવી છે અને તેના સુખી દાંપત્યજીવનથી મમ્મી ખુશ છે. સુમા બોસ ડિઝાઈન સર્કલ (આર એન્ડ બી) માં રેખનકાર તરીકે નોકરી કરે છે.



સુમા બોસના વિચારોમાં ખુમારી અને ખુદ્દારી ભારોભાર ટપકે છે તે કહે છે કે દીકરી વ્હાલનો દરિયો છે તે વાત સાચી પણ તેને કેવળ વ્હાલના દરિયામાં ડુબકીઓ લગાડવાની જ થોડી હોય ? દરિયામાં તો તોફાન પણ આવે ઝંઝાવાતો આવે ત્યારે આ તોફાનો સામે બાથ ભીડવાની તાકાત ન હોય તો નાવડીને ડૂબતાં વાર ન લાગે. સમયનો તકાજો છે કે દીકરીઓને જિંદગીના કોઈ પણ પડકારને પહોંચી વળે તેવી ખડતલ અને દઢ મનોબળવાળી કરવી. બિચારી અને બાપડી બનીને જિંદગીમાં લાચારી ભોગવે તેવી દીકરીઓ હવે સમાજને ખપતી નથી. આ સંકલ્પ સાથે પહેલેથી જ દીકરીઓનાં ઘડતરમાં મેં ખૂબ સાવધાની રાખી છે. અમારૂં વતન કેરાલાથી દૂર ગ્રામ્ય વિસ્તારમાં છે ગાંધીનગરથી લગભગ ૨૫૦૦ કિ.મી. દૂર પણ ગાંધીનગરને જ વતન બનવી દીકરીઓને સેટ કરવા પ્રયત્ન કર્યો છે. મારી દીકરીઓને મેં જીવનમંત્ર આપ્યો છે કે ''નિશાન ચૂક માફ, નહિ માફ નીચું નિશાન'' જીવનમાં એવું કોઈ ક્ષેત્ર નથી. જયાં કદમ મુકવો મુશ્કેલ હોય, અને મારી લાડકી દીકરી બિસ્મીએ મારી લાગણીનો પડઘો પાડ્યો છે. તે હાલ બી.ઈ. (સીવીલ) માં **Fifth Semistar** માં અભ્યાસ કરે છે પણ તેનું સ્કૂલ લાઈફ અત્યંત ગૌરવશાળી છે. આજ સુધી વિવિધ સ્પર્ધાઓમાં તેણે ૨૦૦ ઉપરાંત મેડલ/સર્ટી. મેળવ્યા છે. ઘરે તેના મેડલ ગોઠવવા માટે સ્પે. શૉકેસ બનાવવું પડ્યું છે. બિસ્મી તેની પ્રત્યેક સફળતાનો યશ તેની મમ્મીને જ આપે છે. બિસ્મીની સિધ્ધિઓની વાત સુમા બોસ ખુબ ગૌરવથી કરે છે. મારી દીકરીએ નેશનલ એથ્લેટિક્સમાં કોચી, કલકત્તા, પુને, હરિદ્વાર, મૈસુર, ગિરનાર, બરોડા વિગેરેમાં ભાગ લઈ નવ વખત સિલ્વર, બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે. ફુટબોલમાં પણ નેશનલ લેવલે ચંદીગઢ ખાતે રમવા જઈ પ્રમાણપત્રો મેળવ્યા છે. ઉપરાંત ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા આયોજીત કલાસીકલ ડાન્સમાં પ્રથમ સ્થાન મેળવી અમારું ગૌરવ વધાર્યું છે. ઈન્ટર સ્કુલ દ્વારા ચાર વખત બેસ્ટ એથ્લેટીક્સનો એવોર્ડ પ્રાપ્ત કર્યો છે, એર ઈન્ડિયા દ્વારા 'રેસ ફોર એવરનેસ'નો એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. મીની મેરેથોન (જામનગર)માં ભાગ લઈ સેકન્ડ નંબર પ્રાપ્ત કરેલ છે. સ્ટેટ દ્વારા આયોજીત સાયકલીંગમાં ચેમ્પિયનનો એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા આયોજીત ગ્રામીણ ઓલિમ્પિક્સમાં પ્રથમ સ્થાન મેળવી સ્કુલમાં પ્રસંશાપત્ર મેળવ્યું છે. ઉદ્‌ગમ ટ્રસ્ટ ગાંધીનગર તરફથી 'વુમન એચીવમેન્ટ એવોર્ડ પ્રાપ્ત કરી નારી શક્તિનું ગૌરવ વધાર્યું છે. આરંગેત્રમ- કથ્થક નૃત્યની પણ તાલીમ મેળવી અનેક સામાજિક પ્રોગ્રામમાં પરફોમન્સ કરી પ્રસંશાપત્રો મેળવ્યા છે. બાસ્કેટબોલમાં શિલ્ડ પ્રાપ્ત કરેલ છે.

તાજેતરમાં જી.ટીવી દ્વારા સિલેકશન પામી ગ્વાલિયર ખાતે બાસ્કેટ બોલ રમવા તા. ૨૫-૧૦-૨૦૧૨ના રોજ જવાની છે બિસ્મીને નાનપણથી ગરબાનો પણ અનહદ શોખ હતો તેણે કલ્ચરલ ફોરમ આયોજીત નવરાત્રી મહોત્સવમાં ગરબામાં વિજેતા થઈ શિલ્ડ મેળવેલ છે. તેની વણથંભી વિકાસ યાત્રામાં પોલિસ પબ્લિક ગુડવીલ સ્પોર્ટસ મીટ-ગાંધીનગર આયોજીત ૪૦૦ મીટર દોડમાં સેકન્ડ નંબર પ્રાપ્ત કરી શિલ્ડ મેળવેલ છે. ગાંધીનગર આર્ટીસ્ટ ફોરમ આયોજીત તત્કાલ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી ઈનામ મેળવેલ છે. ઈતર પ્રવૃત્તિઓ, સ્પોર્ટસ વિગેરેમાં સિદ્ધિ મેળવ્યા ઉપરાંત અભ્યાસમાં પણ તેણે હંમેશા પ્રથમ રેન્ક જાળવી રાખ્યો છે. તે કહે છે કે મારા પપ્પા દેશસેવામાં સમર્પિત છે તેનું મને ગૌરવ છે. પણ મમ્મીની હિંમત અને મારા પ્રત્યેની લાગણીનું વર્ણન થઈ શકે તેમ નથી. પપ્પાની ગેરહાજરી તેણે કયારેય વર્તાવા દીધી નથી. તે મને સતત પ્રેરણા અને હિંમત પુરા પાડે છે. પણ સુમાબોસ ક્યારેક લાગણીશીલ બની કહે છે. દિકરી મારો લાડ-ખજાનો છે પણ તે ઉંમર લાયક થાય છે તેમ આ ખજાનો લુંટાઈ જવાની બીક લાગે છે કારણ કે, થોડા જ વર્ષોમાં મારે બિસ્મીને વિદાય કરવી પડશે. કારણ કે દિકરી તો પારકી થાપણ છે ને? અને ત્યારે મારું ભર્યું ઘર સુનુ લાગશે. મારા જીવનમાં શૂન્યાવકાશ સર્જાશે હું એકલી પડી જઈશ... પણ ના... મારી દિકરીની મારા પ્રત્યેની લાગણી, એનો પ્રેમ મારા જીવનમાં ખાલીપો નહિ આવવા દે, કારણ કે દિકરી વહાલનો દરિયો છે અને દરીયાને સુકાતો કદી જોયો?

